RESEARCH PAPER

RESEARCH REVIEW International Journal of Multidisciplinary
e-ISSN: 2455-3085 | Vol.06 | Iss.07 | July 2021 | pp. 30-34
*Double-Blind Peer Reviewed/Refereed Journal*

# ગ્રામ વિકાસમાં લોક ભાગીદારીની જરૂરીયાત અને તે અંગે લોકોના મનોવલણો

ડો. જીજ્ઞેષ ભીમજીભાઈ તાળા

*આસીસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, કે.એસ.એ.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ, ગુજરાત*

**Abstract**

*કોઈપણ કાર્ય સફળ ત્યારે જ થાય જયારે એ કાર્ય જેમના માટે થઈ રહયુ છે તે તમામ લોકો તેમાં સાથે જોડાય, મન દઈને જોડાય, રસ લઈને જોડાય અને એટલેજ કહેવામાં આવ્યુ છે કે 'સંઘે શકિત કલૌ યુગે', તેથી પ્રસ્તુત સંશોધન પેપરમાં સંશોધકે વર્તમાન સમયમાં ગ્રામ વિકાસ માટે જે જરૂરી બાબત છે તે એટલે કે લોક ભાગીદારી તેનું લોકોના જીવનમાં શું મહત્વ છે, શું ખરેખર લોકો ગ્રામિણ વિકાસ માટેની યોજનાઓ જેવીકે વાસ્મો, વોટરશેડ અને સ્વચ્છ ભારત મિશન વગેરેમાં રસ દઈને જોડાય છે ? આ યોજનાઓ અંગે લોકોના મંતવ્યો તથા લોકોની વિચારધારા જાણવાનો પ્રયાસ આ સંશોધન પેપરમાં કરવામાં આવ્યો છે.*

**Keywords:** *યોજના, મનોવલણ, વિકાસ, લોકભાગીદારી, સ્વ સહાય જુથ*

**Article Publication**

Published Online: 15-Jul-2021

***Author's Correspondence**

ડો. જીજ્ઞેષ ભીમજીભાઈ તાળા

આસીસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, કે.એસ.એ.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ, ગુજરાત

drjigneshtala[at]gmail.com

*10.31305/rrijm.2021.v06.i07.006*

© 2021The Authors. Published by RESEARCH REVIEW International Journal of Multidisciplinary. This is an open access article under the CC BY-NC-ND license (https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/)

ભારતનેઆઝાદી મળ્યા બાદ ભારત સરકાર દ્વારા વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તેમાંય ખાસ કરીને ભારતના પછાત ગ્રામિણ વિસ્તારોનો વિકાસ કરવો જરૂરી હતો. આ માટે ઈ.સ. ૧૯૫૧ થી જ ભારત સરકાર દ્વારા વિવિધ પંચવર્ષીય યોજના તથા પેટા યોજનાઓ દ્વારા વિકાસલક્ષી કાર્યો અમલમાં મુકવામાં આવ્યા છે. આઝાદીના શરૂઆતના વર્ષોમાં શિક્ષણ, આરોગ્ય જેવા ખાસ મુદાઓ ઉપર વિવિધ યોજનાઓ અમલી બનાવી વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ જેમ–જેમ સમય પસાર થતો ગયો તેમ–તેમ વિવિધ યોજનાઓમાં જરૂરી ફેરફારો કરીને લોકોને પણ તેમાં ભાગીદાર બનાવવામાં આવ્યા.

પહેલાના સમયમાં માત્ર સરકાર દ્વારા અમલી યોજનાઓની અસરકારકતાનું પ્રમાણ ઓછુ હતુ, પરંતુ જયારથી લોકભાગીદારીયુકત યોજનાઓ અમલી કરવામાં આવી ત્યારથી લોકોની જાગૃતતામાં વધારો થયો છે. ગ્રામિણ વિસ્તારમાં જેમ–જેમ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેમ–તેમ જાગૃતતા, સભાનતા તથા અધિકારો વિષયક જ્ઞાનમાં વધારો થયો છે. આજના સમયમાં ગ્રામિણ વિસ્તારોના વિકાસ માટે સરકાર દ્વારા ગામડાના લોકોને પણ સાથે સાંકળવામાં આવ્યા છે. આ પાછળનો મુખ્ય ઉદેશ્ય ગ્રામિણ વિસ્તારના લોકોમાં જાહેર સંપતિની જાળવણી કરવાની તેમજ તેમનો યોગ્ય ઉપયોગ કરવાની ટેવ પડે તે છે. ભારત સરકાર દ્વારા હાલમાં એવી અનેક યોજનાઓ કાર્યરત જેમાં લોકભાગીદારીને પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે. આવી યોજનાઓમાં વોટરશેડ, વાસ્મો, સ્વચ્છ ભારત મિશન વગેરેનો સમાવેશ થાય છે. આવી યોજનાઓમાં લોકભાગીદારી દ્વારા કૃષિલક્ષી અને આરોગ્યલક્ષી સુધારા માટે પ્રયાસ કરવામાં આવે છે. આ અંગે પણ આપણા સમાજમાં ઘણા સૂત્રો પણ પ્રચલિત છે. જેવાકે…

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" "સ્વચ્છ ગામ સુખી ગામ" "જળ એ જ જીવન"

ભારત સરકાર દ્વારા આવી યોજનાઓનો અમલ કરી લોકભાગીદારી દ્વારા ગ્રામિણ વિસ્તારના લોકોમાં યોજના વિષયક માહિતી તથા વિકાસલક્ષી કાર્યક્રમો કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ગ્રામિણ વિકાસ માટે અમલી યોજનાઓમાં લોકભાગીદારી દ્વારા તેઓને ટકાઉ વિકાસ તથા જાહેર સંપતિની જાળવણી થાય તેમજ તેમનું મહત્વ અને અગત્યતા જળવાય રહે તે માટે આવી યોજનાઓમાં લોકભાગીદારી ફરજિયાત પણે અમલી બનાવવામાં આવી છે. આજના સમયમાં માનવી વિકાસ માટે વિવિધ પ્રયાસો કરે છે અને ગમે તે રાષ્ટ્રની સરકાર પણ પોતાના દેશના વિકાસ માટે પ્રયાસો કે વિવિધ યોજના અને કાર્યક્રમોનું અમલીકરણ કરતી હોય છે. ભારત સરકાર દ્વારા પણ ગામડાના વિકાસના માટે તેમજ તેઓનું આરોગ્ય અને શિક્ષણની ગુણવતા સુધારવા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. જેમ કે, વાસ્મો, વોટરેશેડ, સ્વચ્છ ભારત મિશન,ગોકુલગ્રામ યોજના, ઈન્દિરા આવાસ યોજના જેવી યોજનાઓ દ્વારા વિકાસલક્ષી કાર્યો કરવામાં આવે છે. છેલ્લા બે ત્રણ દાયકાથી ભારત અને ગુજરાત સરકાર દ્વારા આવી યોજનાઓમાં લોકભાગીદારીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આજના સમયમાં પણ ભારતીય ગ્રામિણ સમુદાય પરંપરાગત રીત–રિવાજો, રૂઢિઅયો, માન્યતાઓમાં જીવન જીવી રહ્યો છે. આ લોકોમાં આરોગ્ય, શિક્ષણ અને કૃષિ ક્ષેત્રે જાગૃતતા લાવી તેઓના વિકાસ માટે આઝાદી બાદ વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

આવી વિવિધ યોજનામાં લોકભાગીદારી અને લોકોને સાથે રાખીને વિકાસલક્ષી કાર્યક્રમો કરી ગ્રામિણ ક્ષેત્રનો વિકાસ કરવામાં આવેલ છે. લોકભાગીદારી દ્વારા કુદરતી સંપતિની જાળવણી અને યોજના દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓનું લાંબાગાળા સુધી જતન કરી તેની ગુણવતા જાળવી રાખવા માટે લોકભાગીદારી અમલી બનાવવામાં આવી છે. આ પ્રકારની વિવિધ યોજનાઓને ધ્યાનમાં રાખીને તેમજ લોકભાગીદારીપૂર્વકના કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને નીચે મુજબનો વિષય પસંદ કરેલ છે. " ગ્રામ વિકાસમાં લોક ભાગીદારીની જરૂરીયાત અને તે અંગે લોકોના મનોવલણો" આ વિષય પસંદ કરવા પાછળ સંશોધક ગ્રામિણ વિસ્તારના વિકાસ માટે ચાલતી સરકારી યોજનાઓમાં લોકભાગીદારી અંગે લોકોના મનોવલણો જાણવા તેમજ ગામડાના લોકોમાં યોજના વિષયક જાગૃતતા તથા કેટલે અંશે માહિતી ધરાવે છે. તે બાબત પણ જાણવા માટે સંશોધકે ઉપરોક્ત વિષય પસંદ કરેલ છે. આ વિષય પસંદ કરવા પાછળ સંશોધકનો બીજો એક ઉદેશ્ય એ છે કે, લોકભાગીદારી દ્વારા કરવામાં આવેલી કામગીરીની અસરકારકતા તથા જાળવણી અંગે માહિતી મેળવવા માટે સંશોધન હાથ ધરવું.

સંશોધકે પોતાના સંશોધન વિષયમાં મુખ્યત્વે ત્રણ યોજનાઓનો સમાવેશ કર્યો છે.જેમાં

૧. વોટરશેડ
૨. ટી.એસ.સી.(સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન)
૩. વાસ્મો વગેરેનો સમાવેશ થાય છે.

**૧. વોટરશેડ**

ભારત દેશનો મુખ્ય વ્યવસાય કૃષિ અને કૃષિઆધારિત વ્યવસાય છે અને મોટા ભાગના લોકો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભારતમાં વાવેતર હેઠળનો ચોખ્ખો વિસ્તાર લગભગ ૬૦ ટકા છે. ૧૯૯૫ દરમિયાન પિયત વિસ્તારની સરખામણીમાં વરસાદી કૃષિમાં પ્રમાણમાં વૃદ્ધિ થઈ. પરંતું ભુગર્ભજળનો વધારે પડતો ઉપયોગ, વારંવાર અનાવૃષ્ટિ અને ખાસ કરીને તેલિબિયામાં વેપારીની પ્રતિકુળ સ્થિતિને કારણે ૧૯૯૫ પછી તેમાં ઝડપી ઘટાડો થયો.વરસાદી પાણી અને અન્ય કિંમતી કુદરતી સંસાધનોના રક્ષણ માટે સહયોગી જળસ્ત્રાવ ખુબ જ આશાસ્પદ છે.

વોટરશેડ એટલે જળ, જમીન, જંગલ, જાનવર અને જનના વિકાસને લગતી પ્રવૃતિ. ગામમાં વિસ્તારમાં આવતાં દરેક વ્યકિત અને પશુધન જેવા કે ગાય, ભેંસ, મરઘાં, બકરા, ગધેડા, બતક અને માછલી વગેરે ઉત્પાદક પશુઓને લગતી પ્રવૃતિઓનો વોટરશેડમાં સમાવેશ કરવામાં આવે છે. ગામમાં દરેક પ્રકારમાં ગાઢ જંગલો, ખેતરો, ગોચર જમીન, પડતર જમીન અને ગામના જળાશયો જેવા કે તળાવો, ડેમ, કુવા, કોતર, નદી, નાળાના વિકાસ માટેના કાર્યને વોટરશેડ કહેવાય છે. આ કાર્ય ગ્રામ્ય સ્તરે વિવિધ મંડળીઓ અને જુથો બનાવીને કરવામાં આવે છે. વોટરશેડ કાર્યક્રમ ખાસ કરીને ગામમાં આવતા સ્ત્રીઓ,ગરીબ વર્ગો અને ખેડૂતોની સંપૂર્ણ ભાગીદારીથી કરવામાં આવે છે. જેથી ગામની ઉત્પાદકતા વધી શકે અને લોકોની આવક પણ વધે. સામાન્ય રીતે વોટરશેડ એટલે પાણી સંગ્રહના કાર્યો કરવા અને ચેકડેમ બનાવવા તેવી સમજણ આપણા મોટાભાગના ગામ લોકોમાં છે. પરંતુ માત્ર પાણી સંગ્રહના કામ કરવાને સંપૂર્ણ વોટરશેડ કહિ શકાય નહિ. વોટરશેડ એટલે સાધારણ રીતે ગામમાં આવતાં તમામ લોકો

જેવા કે ગરીબો,જમીન વિહોણા કુટુંબો,નબળા વર્ગો,ખેડૂતો અને બહેનોનું સામાજીક સ્તર ઉંચુ આવે અને સૌની આવકમાં વધારો થાય.

**૨. સ્વચ્છ ભારત મિશન**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સમાવેશ થતી પ્રવૃતિઓ જેમ કે વ્યકિતગત શૌચાલય, સામુહિક શૌચાલય, શાળાઓ અને આંગણવાડી માટેના શૌચાલયો, સ્ત્રીઓ માટેના સામુહિક શૌચાલયો, નાના લોકસમુહ માટેના શૌચાલયો, લોકસમુહ માટેના સાર્વજનિક શૌચાલયો, ઘન કચરો અને વપરાશી પાણીના સલામત નિકાલની વ્યવસ્થા, પશુજન્ય મળમુત્રના સલામત નિકાલની વ્યવસ્થા, જાહેર રસ્તાઓ અને ખુલ્લી જગ્યાઓની કાયમી સુરૂચિકર સફાઈ વ્યવસ્થા, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, આંગણવાડીના બાળકોમાં આરોગ્યપ્રદ જીવન માટેની આદતો અને સુટેવોનું નિરૂપણ અને આચરણ. નાગરિકોમાં આરોગ્યપ્રદ આદતોનું નિરૂપણ અને આચરણ. પાણીના સ્ત્રોતો, સ્ટેન્ડ પોસ્ટ, ડંકી, પાણીયારાની આજુબાજુમાં સફાઈ અંગે જાગૃતતા રાખવી. પાણી ભરવા અને વહન કરવાના સાધનો સ્વચ્છ રાખવા.

**૩. વાસ્મો**

ગુજરાત ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રમાં હરળફાળ ભરી રહયુ છે. ગુજરાતની ઓળખ એક ઝડપથી વિકાસ પામતા રાજય તરીકેની ઉભી થઈ છે.પરંતુ સાથે એ પણ હકીકત છે કે રાજયના ૭૫% વિસ્તારો પીવાના પાણીની હાડમારી ભોગવે છે અને જયા પુરતુ પાણી છે ત્યા ગુણવતા અને સ્વચ્છતાને લગતા પ્રશ્નો છે. છેલ્લા ૭૫ વર્ષમાંથી ૨૬ વર્ષ દુકાળના વર્ષો હતા અને આટલુ ઓછુ હોય તેમ ૨૦૦૧ માં ભુકંપે પાણી વ્યવસ્થા તંત્રને ગંભીર નુકશાન કર્યુ. વર્ષોથી એકધારા પ્રયાસો થતા હોવા છતાં પણ પાણીની અછત વર્તાતી જ રહી છે.આથી પાણી વિતરણ અને વ્યવસ્થાપન અભિગમમાં પરિવર્તનના ભાગરૂપે ગુજરાત સરકારે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) નામની એક સ્વાયત સંસ્થાની મે ૨૦૦૨ માં સ્થાપના કરી. લોકો પોત–પોતાની આવડત પ્રમાણે વ્યવસ્થા ઉભી કરી તેનુ સંચાલન કરી તેનું સંચાલન કરી શકે એટલા સક્ષમ બનાવ્યા. ૧૯૯૩ માં દેશના બંધારણમાં ૭૩ માં સુધારો કરવામાં આવ્યો. એ સુધારામાં ગામના પીવાના પાણી પુરવઠાની સતા અને જવાબદારી ગ્રામ પંચાયતની સતા અને જવાબદારી ગ્રામ પંચાયતને સોંપવામાં આવી પુરવઠા આધારીત સરકારી માલીકીની પાણી યોજનાઓના સ્થાને વિકેન્દ્રત લોકભાગીદારીવાળી યોજનાઓને પ્રોત્સાહન આપવાની વાત સાથે ૧૯૯૯માં ભારત સરકારે પીવાના પાણીના ક્ષેત્રે સેકટર રિફોર્મનો પ્રારંભ કર્યો. ગ્રામ પંચાયતો અને ગામલોકો સ્થાનિક જળસ્ત્રોતનું વ્યવસ્થાપન કરી શકે અને પેટાજળ તથા પર્યાવરણીય સ્વચ્છતાની સુવિધાઓ તૈયાર કરી જાળવી શકે એવી સ્થિતિ સર્જવાની તેની સાથે વાસ્મો ગામલોકોને અસરકારક બનાવે છે. આ કાર્યમાં વાસ્મો સ્થાનિક સ્તરે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ મેળવે છે. ગામના પાણી અને સ્વચ્છતા તથા જળ વ્યવસ્થાપન માટેના દરેક કામમાં વાસ્મો સહાયક બને છે. વાસ્મો ગામની પાણી સમિતિએ નકકી કરેલા આયોજનમાં એકઠા થયા પછી ખુટતી રકમની કુલખર્ચના ૯૦% સુધીની નાણાકિય સહાય પૂરી પાડે છે અને ઈજનેરી માર્ગદર્શન પુરુ પાડે છે.

ગુજરાત સરકારે રચેલી પાણી અને સ્વચ્છતાના ક્ષેત્રે લોકો સાથે કામ કરતી સંસ્થા વાસ્મોની સાવ ટુંકી ઓળખ આ રીતે આપી શકાય છે. વિશેષ તો લોકોને શકિતમાં વિશ્વાસ મુકી અને લોકોને પોતાની શકિતમાં વિશ્વાસ બેસે એવી સ્થિતિ સર્જવા કાર્યરત સંસ્થા એટલે વાસ્મો, વાસ્મો ગુજરાત સરકારે રચેલી એક સ્વાયત સંસ્થા છે. ગ્રામ પંચાયત અને ગામ લોકો સ્થાનિક જળ સ્ત્રોતનું વ્યવસ્થાપન કરી શકે અને પેટાજળ તથા પર્યાવરણીય સ્વચ્છતાની સુવિધાઓ તૈયાર કરી જાળવી શકે એવી સ્થિતિ સર્જવી એ વાસ્મોનું ધ્યેય છે. આ માટે વાસ્મો લોકોને પ્રોત્સાહન આપે અને સક્ષમ બનાવે છે. વાસ્મો સ્થાનિક સ્તરે આધારિત જળ વ્યવસ્થાને અને વરસાદી પાણીના સંગ્રહને પણ પ્રોત્સાહન આપે છે. આ લોકોના પરંપરાગત જ્ઞાન અને કોઠાસુજનું વ્યવસ્થાપન,પાણી કાર્યક્રમ તથા પર્યાવરણીય સ્વચ્છતા સાથે સાંકળવામાં આવે છે.

આમ અહી સંશોધકે "ગ્રામવિકાસમાં લોક ભાગીદારીની જરૂરીયાત અને તે અંગે લોકોના મનોવલણો" જાણવાના પ્રયાસના ભાગ રૂપે ભુજ તાલુકાના કુકમા, ભુજોડી, મિરઝાપર, સુખપર અને બળદિયા એમ પાંચ ગામના કુલ ૭૫ ઉતરદાતાઓનો અભ્યાસ કર્યો છે જેના તારણો મુખ્યતઃ રીતે નીચે પ્રમાણે છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓ વિભકત કુટુંબમાં રહે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતાં ઉત્તરદાતાઓ પરણિત છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓ સ્વચ્છ ભારત મિશન યોજના વિશે

માહિતી ધરાવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સૌથી વધારે ઉત્તરદાતાઓ એ સ્વચ્છ ભારત મિશન યોજનાનો લાભ લીધો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓના ઘરમાં સ્વચ્છ ભારત મિશન યોજના પહેલાં શૌચાલય ન હતા. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગના ઉત્તરદાતાઓ એ સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત શૌચાલયો બનાવેલા છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતાઓ સ્વચ્છ ભારત મિશન દ્વારા બનાવવામાં આવેલ શૌચાલયનો નિયમિત ઉપયોગ કરે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા એટલે કે ૭૬% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે સ્વચ્છ ભારત મિશન માં લોકભાગીદારી હોવી જોઈએ. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા એટલે કે ૬૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે સ્વચ્છ ભારત મિશનમાં ૧૦% લોકભાગીદારી હોવી જોઈએ. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓ સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત બનાવવામાં આવેલ સમિતિ વિશે જાણકારી ધરાવે છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓ વાસ્મોને પાણી અને સ્વચ્છતા અંગેની યોજના છે તેવું જણાવ્યું છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા એટલે કે ૯૨.૦૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વાસ્મો દ્વારા સમિતિ બનાવવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓ એટલે કે ૮૯.૩૩% ઉત્તરદાતાઓ વાસ્મો યોજના અંતર્ગત બનાવવામાં આવેલી સમિતિ વિશે માહિતી ધરાવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતાઓ એટલે કે ૮૯.૩૩% ઉત્તરદાતાઓ એ જણાવ્યું છે કે વાસ્મો યોજનામાં લોક ફાળો લેવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓના મત મુજબ વાસ્મો યોજનામાં ૧૦% લોક ફાળો લેવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતા એટલે કે ૯૨.૦૦% ઉત્તરદાતાઓએ જણાવ્યુ છે કે વાસ્મો યોજના બાદ ગામમાં પરિવર્તન આવ્યુ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓનાં મત મુજબ વાસ્મો યોજના બાદ ગામ લોકો વાસ્મોને જાણતા થયા છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતાઓ એટલે કે ૯૦.૬૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વાસ્મો યોજના પહેલાં ગુણવતાયુકત પાણી મળતું ન હતું. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓનાં મંતવ્યો મુજબ વાસ્મો યોજના બાદ પીવા યોગ્ય પાણી મળે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતાં ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વાસ્મો યોજના બાદ પાણીની ગુણવતામાં સુધારો થયો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતા એટલે કે ૭૨.૦૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વાસ્મો યોજનામાં લોકફાળો હોવો જોઈએ. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાના મત મુજબ વાસ્મો યોજના બરોબર ચાલે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓનાં મંતવ્યો મુજબ વાસ્મો યોજના બાદ ઘરે–ઘરે નળ–કનેકશનની સુવિધા ઉપલબ્ધ થઈ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓ એટલે કે ૬૮.૦૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વાસ્મોની સમિતિમાં મહિલાને ભાગીદાર બનાવવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતા એટલે કે ૭૦.૬૭% ઉત્તરદાતાઓ વોટરશેડ યોજના પહેલાં વરસાદ આધારિત હતા. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓ વોટરશેડ યોજના પહેલાં પાણી સંગ્રહ કુવા દ્વારા કરતા હતા. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બધા જ ઉત્તરદાતાઓનાં ગામમાં વોટરશેડ યોજના પહેલાં સરકારી ડંકી કે કુવાઓ હતા. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વોટરશેડના અમલીકરણ બાદ કુવા રિચાર્જની કામગીરી કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતાઓનાં મત મુજબ વોટરશેડના અમલીકરણ બાદ ઉત્પાદનમાં વધારો થયો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓએ પાણી સંગ્રહની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને કુવા રિચાર્જ કરાવ્યા છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતાં ઉત્તરદાતાઓએ પાણીસંગ્રહની પ્રવૃત્તિમાં આર્થિક સહાય કરી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતાં ઉત્તરદાતાઓના મત મુજબ વોટરશેડની મિટીંગમાં જળસંચયની કામગીરી વિષયક ચર્ચા થાય છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતાં ઉત્તરદાતાઓએએ એવું જણાવ્યું છે કે વોટરશેડનાં અમલીકરણ બાદ પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓ જણાવે છે કે વોટરશેડમાં લોકભાગીદારી જેટલી છે તેટલી જ હોવી જોઈએ. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વધારે પડતા ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે વોટરશેડ યોજનાનાં અમલીકરણ બાદ ગામનાં વિકાસમાં સુધારો થયો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતા એટલે કે ૭૪.૬૭% ઉત્તરદાતાઓ સરકારની યોજનાઓમાં લોકભાગીદારીપૂર્વક થતાં કામથી સંતુષ્ટ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા એટલે કે ૮૨.૬૭% ઉત્તરદાતાઓ પાસેથી એવું જાણવા મળ્યું છે કે તે લોકભાગીદારીપૂર્વક કામ કરવાથી ગામ લોકોમાં સહકારની ભાવના વિકસી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા ભાગનાં ઉત્તરદાતાઓ આ ત્રણ યોજનાઓ સિવાયની અન્ય સરકારી યોજનામાં લોકભાગીદારી આપવા માટે સહમત છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મોટા

ભાગનાં ઉત્તરદાતાઓ આ ત્રણ યોજનાઓ સિવાય અન્ય યોજનાઓમાં ૧૦% લોકભાગીદારી આપવા માટે તૈયાર છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બહુમતી ધરાવતા ઉત્તરદાતાઓ સરકારી યોજનામાં લોકભાગીદારી આપવા અંગે ડર અનુભવતા હતા.

## ઉપસંહાર

આમ, પ્રસ્તુત સંશોધન અભ્યાસને ધ્યાનમાં રાખીને જે ત્રણ યોજનાઓનો સમાવેશ કર્યો છે તેમાં સ્વચ્છ ભારત મિશન, વાસ્મો અને વોટરશેડનો સમાવેશ થાય છે. સ્વચ્છ ભારત મિશનયોજના વિશે મોટા ભાગનાં ઉત્તરદાતાઓ માહિતી ધરાવે છે. તેમજ તેઓ એ આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજનામાં સ્વચ્છ ભારત મિશનનાં કર્મચારીઓ દ્વારા જે કાર્યક્રમો કરવામાં આવે છે, તેનાથી ગામલોકો સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા આવી છે. તેમજ તેઓ નિયમિત રીતે શૌચાલયનો ઉપયોગ કરતાં થયાં છે. મોટા ભાગના ઉત્તરદાતાઓને સરકાર તરફથી શૌચાલયો બનાવવા માટે રૂા. ૧૨૦૦૦/– મળેલ છે. જયારે આ ગામડાનાં ઉત્તરદાતાઓ આ યોજનામાં ૧૦% લોકભાગીદારી હોવી જોઈએ તેવા મંતવ્યો પણ ધરાવે છે. તેમજ તેઓમાં ભાગીદારીપૂર્વક કામ કરવાની ભાવના વિકસી છે. વાસ્મો યોજના દ્વારા ઉત્તરદાતાઓને ગુણવતાયુકત પાણી મળવા લાગ્યું છે. ઉત્તરદાતાઓનાં મત મુજબ વાસ્મો એ પાણી અને સ્વચ્છતાલક્ષી યોજના તરીકે માને છે. આ યોજનાથી ગામ લોકોમાં પરિવર્તન આવ્યું છે. મોટા ભાગનાં ઉત્તરદાતાઓનાં જણાવ્યા મુજબ સરકાર તરફથી આ યોજનામાં ૯૦% રૂા. આપવામાં આવે છે, જયારે પોતે ૧૦% રકમ રોકવી પડે છે. આ યોજનામાં લોકભાગીદારી હોવી જોઈએ તેમજ લોકભાગીદારીપૂર્વક કામ કરવાથી સહકારની ભાવના વિકસી છે. વોટરશેડ યોજના પહેલાં વધારે પડતાં ઉત્તરદાતાઓની ખેતી વરસાદ આધારિત જ હતી.પરંતુ જયારથી વોટરશેડ યોજના અમલમાં આવી ત્યારથી ઉત્પાદનમાં તેમજ ઉત્તરદાતાની આવકમાં વધારો થયો છે. તેમજ ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય પણ વિકસ્યો છે. આ ઉપરાંત તેઓ પાણીસંગ્રહની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે કુવા રિચાર્જ, બોર, ચેકડેમ, વગેરે દ્વારા પાણીસંગ્રહ કરતાં થયાં છે અને લોકભાગીદારીપૂર્વક કામ કરતાં થયાં છે. આ યોજનાથી પ્રભાવિત થઈ મોટા ભાગના ઉત્તરદાતાઓએ કુવા રિચાર્જ કરાવ્યા છે તથા આ પાણીસંગ્રહની પ્રવૃત્તિમાં આર્થિક મદદ તથા શ્રમદાન દ્વારા મદદ કરી છે.

ટુંકમાં આ ત્રણેય યોજનામાં જે લોકભાગીદારીપૂર્વક કામ કરવામાં આવે છે તેનાથી મોટા ભાગના ઉત્તરદાતાઓ સંતુષ્ટ છે તેમજ તેઓમાં સહકારની ભાવના વિકસી છે તેમજ તેઓ આ યોજના સિવાય અન્ય યોજનામાં પણ લોકભાગીદારી આપવા સહમત છે તેમજ તેઓ સૌપ્રથમ લોકભાગીદારી આપવામાં ડર અનુભવતા હતા તેમજ તેઓને આ કાર્યક્રમોમાં કયાંક ગેરરીતિ આચરવામાં આવી હોય તેવું લાગ્યું નથી. આમ, આવી યોજનાઓનું અમલીકરણ વ્યવસ્થિત કરવામાં આવે તો ગામડાનો વિકાસ થઈ શકે અને સહકારની ભાવના વિકસી શકે છે.

## સંદર્ભ સુચિઃ


1. Orlando Falls Borda(1998), Peoples Participation: Challenges Ahed, Parctical Action Publishing, United Kingdom
2. K. Sudharani (2011), People's Participation in Development, Discovery Publishing Pvt. Ltd. India.
3. પેટાજળ વિભાગ,ગ્રામિણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રકાશીત શાળામાં પાણી પુરવઠો, સફાઈ અને આરોગ્યલક્ષી સ્વચ્છતા શિક્ષણનો અહેવાલ
4. સ્વૈચ્છિકઆરોગ્ય સંગઠન નવી દિલ્હી દ્વારા પ્રકાશિત પુસ્તિકા
5. વોટરશેડ, સ્વચ્છ ભારત મિશન, વાસ્મો ની ગાઈડ લાઈન, ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર